

અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ટીસીએસ દ્વારા 'રન ફોરફિટ' સંદેશ સાથે ૧૦ કિમી દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. કોર્પોરેટ ક્ષેત્રના કર્મચારીઓ શરીર સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બને તે ઉદ્દેશ્યથી આ દોડ પ્રતિવર્ષ યોજાય છે. આ વર્ષે ત્રણ હજારથી વધુ કર્મચારીઓએ આ દોડમાં ભાગ લીધો હતો, જેમાં ગાંધીનગરની પ્રખ્યાત કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન કંપનીના ૬૪ કર્મચારીઓએ પણ ભાગ લીધો હતો. ત્રણ રેગ્યુલર મેરેથોન રનર મયુર થાનકી, સંજય થોરાત, પ્રવીણ નાયરની સાથે મનીષ પટેલ, વિશાલ રાઠોડ, મનહરસિંહ પરમાર, કૃણાલ સોની, ચિરાગ લીમકર, પ્રતીક જાની, શત્રુધ્ન પંડ્યા, તુષાર ચૌધરી, સ્ટીફન, મયંક પંડ્યા, અજય, વિનય ભેંજાલીયા, કીર્તિ ઠાકોર, યશ, ભાવિન, અવિનાશ, ચિંતન, રિપલ ભાટી, સાગર પટેલ વગેરેએ ભાગ લઈને કલ્પતરૂ કંપનીનું નામ રોશન કર્યું હતું.

# માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનનો સ્નેહમિલન સમારોહ



માતૃભાષાના ઉત્થાન માટે કાર્યરત આ સંસ્થાનું સ્નેહમિલન તાજેતરમાં ઉજવાયું હતું, જેમાં ભાષાસાધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો આરંભ પ્રાર્થના અને ગીતથી થયો હતો. ત્યારબાદ પ્રતિષ્ઠાનના મંત્રી ડો. જય ઓઝાએ પ્રતિષ્ઠાનના ગત વર્ષનાં કાર્યોનો ચિતાર આપ્યો હતો. આ પ્રસંગે લગભગ ૧૫ જેટલા ભાષાસાધકોએ સ્વરચિત ગીત, કાવ્ય, લઘુવાર્તા જેવી કૃતિઓ રજૂ કરી હતી. આનંદની વાત એ છે કે આ કૃતિ રજૂ કરવામાં પાંચ વર્ષની બાળાથી માંડીને ૮૦ વર્ષના વૃદ્ધે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતિમ ચરણમાં પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહે પ્રતિષ્ઠાન દ્વારા આગામી વર્ષે યોજાનારા વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ તેમની આગવી શૈલીમાં પોતાની સુંદર કવિતાનું રસપાન કરાવીને ભાષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## જન્મદિને વધામણી



**શૈલેષભાઈ પંડ્યા**
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ
નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫



**અવનીબા પંકજસિંહ બિહોલા**
મો. ૭૯૯૦૪ ૫૯૫૮૮



**ભારતીબેન પોપટ**



**જિયા ઉમંગ પાનવાલા**



જૈન સોશિયલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત હેઠળના સંગિની ફોરમ ગાંધીનગરના સ્નેહમિલન સમારોહનું આયોજન મહુડી હાઈવે પર રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. શુભેચ્છાઓની આપ-લે સાથે ગરબા અને ડાન્સ, હાઉસી અને અન્ય ઈનડોર, આઉટડોર ગેમ્સ, સ્વિમિંગ સહિતની પ્રવૃત્તિઓનું આયોજન આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. ફોરમનાં પ્રમુખ જાગૃતિબેન સંઘવી, ઉપપ્રમુખ નેહલબેન ટોલીયા, સેક્રેટરી ભારતીબેન શાહ, સહમંત્રી શિલ્પાબેન શાહ, ખજાનચી મોનાબેન શેઠ, કારોબારી સભ્ય ભાવિનીબેન શાહ, દિપીકાબેન કોટડીયા, નીતાબેન શાહ, જાગૃતિબેન લાખાણી અને રૂપાબેન શાહ સહિત ટીમ આ પ્રસંગે ઉપસ્થિત રહી હતી.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગનાં
# ભૂલકાં સુપર માર્કેટની મુલાકાતે



આલમપુર ખાતે સ્થિત રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિ પ્રાઈમરી વિભાગનાં બાળકો માટે ઓશિયા હાઈપર માર્કેટની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન બાળકોને વિવિધ વસ્તુઓ અને તેની ઉપયોગિતા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.



લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના પીડિયાટ્રીક વોર્ડનાં ૪૫ જેટલાં નવજાત શિશુઓને ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી સ્વેટર, ટોપી અને મોજાંની ભેટ ધરવામાં આવી હતી. આ માટેનું સૌજન્ય પલ્લવીબેન ગુપ્તે અને શોભાબેન શાહ તરફથી પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે પ્રમુખ દક્ષા જાદવ, સેક્રેટરી રીટા શાહ, પૂર્વ પ્રમુખ મમતાબેન રાવલ અને ક્લબનાં અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી હસ્તક સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન દ્વારા
# વિદ્યાર્થીઓ માટે ઓરિગામી વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા. ૩
સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી હસ્તક સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓરિગામી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓરિગામી એ મુખ્યત્વે એડવાન્સ પેપર ફોલ્ડિંગ ટેક્નિક છે. ઓરિગામિ ધીરજ અને એકાગ્રતા પણ શીખવે છે. ઓરિગામી વર્કશોપ દ્વારા જોમેટ્રી અને સ્ટ્રક્ચર વધુ સારી રીતે સમજી શકાય છે.

આ વર્કશોપ દ્વારા અલગ અલગ ફિલ્ડના ડિઝાઈનરને ડિઝાઈન ડેવલપ કરવાની પ્રેરણા મળે છે. સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન દ્વારા આયોજિત ઓરિગામી વર્કશોપમાં પહેલા વર્ષ ડિઝાઈનના આર્કિટેક્ચર, ફેશન, ઈંટેરીઅર અને ગ્રાફિક શાખાના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ ખૂબ ખંત અને મહેનતપૂર્વક આ ટેક્નિક શીખીને તેમના ફિલ્ડને અનુરૂપ આઉટકમ ડિસ્પ્લે કર્યું હતું. આ ડિસ્પ્લેમાં વિવિધ પ્રકારની પ્રોડક્ટસ જેમ કે, ગાર્મેન્ટ્સ, ફૂટવેર્સ, લેમ્પ્સ, ટી ટેબલ, ખુરશી, વોલ હેંગિંગ અને ફેશન એપ્લીકેશન વિગેરે જોવા મળી હતી.




અમદાવાદમાં બી.એમ.ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ દ્વારા વિશ્વ વિકલાંગ દિનની વિશિષ્ટ ઉજવણી થશે. જે અંતર્ગત મંગળવારે બપોરે ૨.૩૦ વાગ્યે ટાગોર હોલ, પાલડી ખાતે 'ડિવિનિટી-સેલિબ્રેટિંગ એબિલિટીઝ' નામથી વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આ અંગે વિગતો આપતાં બી.એમ.ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થના ચેરમેન પી.કે.લહેરીએ જણાવ્યું હતું કે વર્ષ-૧૯૫૧થી દિવ્યાંગોના સ્વાસ્થ્ય, શિક્ષણ અને વિકલાંગ પુનર્વસન માટે કાર્યરત્ બી.એમ.ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ દ્વારા વિશ્વ વિકલાંગ દિન, તા.૩ ડિસેમ્બરના રોજ દિવ્યાંગ બાળકો વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દેશે. આ પ્રસંગે ચીફ ગેસ્ટ તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગેસ્ટ ઓફ ઓનર તરીકે રાજ્ય સરકારના મંત્રી વિભાવરીબેન દવે, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.હિમાંશુ પંડ્યા, ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ ડો. અમીબેન ઉપાધ્યાય, ઉચ્ચ શિક્ષણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી ડો.અંજુ શર્મા ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમનો હેતુ દિવ્યાંગ બાળકોની કલા-કૌશલ્યને લોકો સમક્ષ ઉજાગર કરવાનો છે અને તેઓ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે અંગેનો છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્યો







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે અનાજનું વિતરણ જરૂરિયાતમંદોને કરવામાં આવ્યું હતું. પાંચ ગામોનાં ૯૬ જેટલા લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા અને આયર્ન ફોલિકની ૫૦ ગોળી આપવામાં આવી હતી. ભાટાઈમાં પણ ૬ લાભાર્થીઓને આ લાભ આપવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં રૂપકલા સ્ટોરના મુકેશભાઈ, રાકેશભાઈ, નિર્મલભાઈ, યોગેશભાઈ અને મિલિન્દભાઈ સંસ્થા તરફથી જોડાયા હતા.